ગાંધીનગર સમાચાર

# વિદ્યાર્થીઓ ઓછા મળવાના સંશયે કૉલેજ ફીમાં ઘટાડો

## ૨૦ જેટલી કૉલેજ દ્વારા ૩ હજારથી લઈને ૫૦ હજાર સુધીનો ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧

પૅટ્રોલ, ડિઝલના ભાવ ભલે કૂદકે ને ભૂસકે વધતા હોય ને દેશમાં મોંઘવારીની સ્થિતિ જોવામાં આવી રહી હોય, પરંતુ કૉલેજ અભ્યાસ માટે આ વખતે મોંઘવારીમાંથી રાહત મળી છે. કારણ કે વિદ્યાર્થીઓ ઓછા મળવાના સંશયે ૨૦ જેટલી ખ્યાત કૉલેજ દ્વારા પોતાની ફીમાં ૩ હજારથી લઈને ૫૦ હજાર સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે હાલ ધો.૧૨ સાયન્સ એ ગૃપ પછી ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓ દ્વારા હાલ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે. બીજીબાજુ વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે જે કોલેજોમાં પ્રવેશ લેવાના છે તેવી ડિગ્રી ઈજનેરી, માસ્ટર ઓફ ઈજનેરી, એમબીએ, એમ.ફાર્મ, એમસીએ, બી.ફાર્મ અને ડિપ્લોમા એન્જિનિયરિંગની અંદાજે ૨૦ જેટલી કોલેજોએ પોતાની ફી ઘટાડવા માટે ફી રેગ્યુલેટરી કમિટીને ભલામણ કરી હતી. જેના અનુસંધાનમાં કમિટીએ આ કોલેજોની ફી ઘટડવા માટે મંજૂરી આપી દીધી છે. તેથી હવે કોલેજો વર્ષ ૨૦૧૬-૧૭માં વિદ્યાર્થીઓ પાસેથી ફી કમિટીએ મંજૂરી કરેલી ફી નહી પરંતુ ઘટાડેલી ફી લઈ શકશે. આ સિવાય કોઈપણ પ્રકારની વધારાની ફી વિદ્યાર્થીઓ પાસેથી વસૂલી શકશે નહીં. જુદી જુદી કોલેજોમાં સરેરાશ ૩ હજારથી લઈને ૫૦ હજાર રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ગુજરાતની તમામ પ્રોફેશનલ અને ટેકનિકલ કોલેજોની ફી નિર્ધારીત કરવા માટે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે ફી રેગ્યુલેટરી કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા દર ત્રણ વર્ષે દરેક કોલેજોની ફી રિવાઈઝ કરવામાં આવે છે. ફી કમિટીના સૂત્રો કહે છે અંદાજે ૨૦ જેટલી કોલેજોને ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે કેટલી ફી લેવી તેની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આટલી ફી લેવામાં આવે તો વિદ્યાર્થીઓ મળશે કે કેમ અંગે અનેક પ્રકારની આશંકા ઊભી થઈ હતી. અંદાજે ૨૦ જેટલી કોલેજોએ ફી કમિટીએ આપેલી ફી ઘટાડવા માટે દરખાસ્ત કરી દીધી હતી. કમિટી દ્વારા કોલેજોના આ પ્રકારની દરખાસ્ત અંગે વિચારણા કર્યા બાદ ઘટાડો કરી આપવામાં આવ્યો હતો. જે કોલેજોએ ઘટાડા માટે માંગણી કરી હતી તેમાં ડિપ્લોમા એન્જિનિયરિંગની ૧, ડિગ્રી એન્જિનિયરિંગની ૯, એમઈ.ની ૧, એમ.ટેકની ૧, બી.ફાર્મની ૧, એમબીએની ૪, એમસીએની ૧, બી.ફાર્મની ૧, એમ.ફાર્મની ૧ કોલેજનો સમાવેશ થાય છે.

### વાલીઓ-વિદ્યાર્થીઓને રાહત

# પ્રખ્યાત કૉલેજીસ ફૉર્મ ફી પેટે ૩૫૦થી વધુ રકમ લઈ નહીં શકે

ગાંધીનગર, તા. ૧

નિરમા, પીડીપીયુ, ધીરૂભાઈ અંબાણી સહિતની પાંચથી વધારે સંસ્થાઓ હવે પોતાની ૫૦ ટકા બેઠકોના ફોર્મ ફી પેટે વિદ્યાર્થીઓ પાસેથી મનફાવે તેવી ફી વસુલી નહીં શકે. પ્રવેશના નવા નિયમો પ્રમાણે હવે આ સંસ્થાઓએ પણ પોતાની ૫૦ ટકા બેઠકો માટે ૩૫૦ રૂપિયા જ ફી લેવાની રહેશે.

આ નિર્ણયના કારણે સંસ્થાઓએ કરોડો રૂપિયાની આવક ગુમાવવી પડશે પણ વાલીઓ-વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે. વિદ્યાર્થી કોઈપણ સંસ્થામાં પ્રવેશ માટે દરખાસ્ત કરે તો માત્ર ૩૫૦ રૂપિયા ફોર્મ ફી આપવાની રહેશે. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે સંકળાયેલી તમામ કોલેજોની પ્રવેશ પ્રક્રિયા એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે. પરંતુ નિરમા, પીડીપીયુ, ધીરૂભાઈ અંબાણી સહિતની ખાનગી યુનિવર્સિટીઓ અને અન્ય કેટલીક સંસ્થાઓને ૫૦ ટકા બેઠકો પોતાની રીતે ભરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સંસ્થાઓ પોતાની ૫૦ ટકા બેઠકો પર સ્વતંત્ર જાહેરાત આપીને વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવતી હોય છે. પ્રવેશ માટે ફોર્મની ફી કેટલી રાખવી તે પણ પોતે જ નક્કી કરે છે.

અત્યાર સુધી નિરમા, પીડીપીયુ અને ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ સહિતની સંસ્થાઓ માત્ર ફોર્મ પેટે ૫૦૦થી લઈને ૨ હજાર રૂપિયા સુધી ફી વસુલતી હતી. વળી, સંસ્થાની પોતાની આ બેઠકો પર પ્રવેશ માટે ભારે ધસારો રહેતો હોવાથી સંસ્થાઓ દ્વારા અંદાજે બે હજારથી લઈને પાંચ હજાર ફોર્મનું પણ વિતરણ કરવામાં આવતું હતું. ભૂતકાળમાં કેટલાક કિસ્સાઓમાં તો પાંચથી સાત હજાર ફોર્મનુ પણ વિતરણ થયું હતું. આમ, માત્ર ફોર્મ વિતરણમાં જ અનેક સંસ્થા લાખો રૂપિયાની કમાણી કરતી હતી. આ અંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વિરોધનો સૂર ઊઠ્યો હતો. વાસ્તવિક્તા એ હતી કે પ્રવેશ સમિતિ સહિત કોઈ સત્તાધીશો આ સંસ્થાઓને ફોર્મ ફી નિયંત્રણમાં રાખવાનો આદેશ કરી શકતા નહોતા. તાજેતરમાં મુખ્યમંત્રીએ સવર્ણ પેકેજ જાહેર કર્યુ ત્યારે પણ દરેક સંસ્થાઓના ફોર્મની ફી એક સરખી રાખવાની જાહેરાત કરી હતી. જેના અનુસંધાનમાં પ્રવેશના નિયમોમાં જ એવી જોગવાઈ કરવામાં આવી છે કે, આ સંસ્થાઓ સહિત જેમને પોતાની ૫૦ ટકા બેઠકો સ્વતંત્ર રીતે ભરવા આપી છે તે તમામ સંસ્થાઓએ વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ ફી પેટે એડમિશન કમિટી જે ફોર્મ ફી ઉઘરાવે છે તે એટલે કે માત્ર ૩૫૦ રૂપિયા લેવાના રહેશે. કોઈ સંસ્થા પોતાની રીતે ફોર્મ ફી નક્કી કરી શકશે નહીં.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે નિરમા, પીડીપીયુ અને ધીરૂભાઈ અંબાણી સહિતની પાંચ સંસ્થાઓની ૫૦ ટકા બેઠકો માટે ૩૫૦ રૂપિયા ફોર્મ ફી લેવાનું નક્કી કર્યુ છે એનાથી વાલીઓ, વિદ્યાર્થીઓને રાહત તો થઈ છે પરંતુ હાલ આ સંસ્થાઓ પોતાની બેઠકોની કાર્યવાહી અલગ અલગ રીતે કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓએ દરેક સંસ્થા માટે ફોર્મ ભરવા માટે અલગ અલગ જવું પડે છે. આ ઉપરાંત પ્રવેશની પ્રક્રિયા પણ અલગ અલગ સમયે થતી હોવાથી વિદ્યાર્થી-વાલીઓએ ભારે હેરાનગતિ ભોગવવી પડે છે. આ તમામ સંસ્થાઓની કાર્યવાહી એક જ જગ્યાએ થવી જોઈએ તેવી માગણી વર્ષોથી કરવામાં આવી રહી છે. ભૂતકાળમાં મેડિકલ કોલેજોની એનઆરઆઈ બેઠકો માટે જે રીતે કોન્સોર્ટિયમ બનાવવામાં આવતું હતું તે રીતે આ સંસ્થાઓ માટે પણ એક જ સ્થળે કાર્યવાહી થાય તેવી વાલીઓ, વિદ્યાર્થીઓની માંગણી હાલ પૂર્ણ થયા વિનાની પડી છે.

### ભારતીય વિદ્યા ભવનના

# કલ્ચરલ સૅન્ટર દ્વારા શનિવારે વાર્ષિક કાર્યક્રમોનું ઉદ્ઘાટન

## પ્રથમ કાર્યક્રમ સ્વરૂપે ખ્યાત નવલકથાકાર પ્રેમચંદ મુન્શીની નવલકથા 'કફન' આધારિત નાટકનું મંચન

ગાંધીનગર, તા. ૧

ભારતીય વિદ્યા ભવનના કલ્ચરલ સૅન્ટર દ્વારા શનિવારે વાર્ષિક કાર્યક્રમોનો ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં ભારતીય વિદ્યા ભવન કલ્ચરલ ઍકેડેમી અને સૅન્ટર ફૉર આર્ટ્સના નિયામક જિગર રાણાએ જણાવ્યું છે કે ભારતનતી લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થા ભારતીય વિદ્યાભવન અમદાવાદમાં છેલ્લા પચાસ વર્ષથી આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ અને મૅનેજમૅન્ટ તથા પત્રકારત્વની કૉલેજ ધરાવે છે. એ સાથે જ અત્યંત ભવ્ય ભૂતકાળ અને ઉજ્જવળ વર્તમાન સાથે સાંસ્કૃતિક કેન્દ્ર પણ છેલ્લાં ત્રણ વર્ષથી સંપૂર્ણ કાર્યરત છે. અમદાવાદના શ્રેષ્ઠ કહી શકાય તેવા સુંદર રંગમંચ ધરાવતી આ સંસ્થાના આંગણે કલા અને સંસ્કૃતિની વધારે સેવા કરવાનો અવસર સાંપડ્યો છે.

દેશની વિખ્યાત સંસ્થા ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા ભારતીય વિદ્યા ભવન સાથે સંયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત સમગ્ર વર્ષ દરમ્યાન ૨૪ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન દ્વારા નવા કલાકારો તેમજ આર્થિક-સામાજિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતા ઉમદા કલાકારો માટે મંચનું નિર્માણ થશે. ભારત અને ગુજરાતની વિસરાતી જતી કળાઓ - શાસ્ત્રીય નૃત્ય, શાસ્ત્રીય ગાયન, લોક સંગીત, લોક ગાયન, ભવાઈ, જૂની રંગભૂમિ, હરિકથા, હરીકીર્તન - કે જે આપણી સંસ્કૃતિનો મૂળ ભાગ છે, તેમનાં અનેક સ્વરૂપોને સમગ્ર વર્ષ દરમ્યાન કાર્યક્રમોમાં વણી લેવામાં આવશે. સમગ્ર વર્ષ દરમ્યાન આ પ્રોજેક્ટ અંતર્ગત રજૂ થતા તમામ કાર્યક્રમો જાહેર જનતા માટે નિઃશુલ્ક રહેશે.

ભવન્સ દ્વારા તા. ૪ જૂન ને શનિવારે સાંજે ૬ કલાકે આ સમગ્ર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન એક જાહેર સમારોહ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં દેશના ખ્યાત સિતારવાદક અને સપ્તક સંગીત સ્કૂલના સ્થાપક ટ્રસ્ટી મંજુબેન મહેતા ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. આ સાથે જ પ્રોજેક્ટના પ્રથમ કાર્યક્રમ સ્વરૂપે ખ્યાત નવલકથાકાર પ્રેમચંદ મુન્શીની નવલકથા 'કફન' આધારિત નાટકનું મંચન કરવામાં આવશે.

# સમાજવિદ્યા ભવનમાં પહેલી વાર કેમ્પસ ઈન્ટર્વ્યૂનું આયોજન કરાશે

## ૬ કંપનીઝ દ્વારા ઈન્ટર્વ્યૂ લેવાશે : ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા સમાજવિદ્યા ભવનમાં ચાલતાં વિવિધ કોર્સમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પહેલી વખત કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને મળશે.

ઉલ્લેખનીય છે કે પ્રથમ વખત આયોજિત આ કેમ્પસ ઈન્ટર્વ્યૂમાં ૬ જેટલી કંપનીઓ અને સંસ્થાઓ ઉપસ્થિત રહેશે અને ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ પૈકી પોતાને અનુકુળ એવા વિદ્યાર્થીઓની પસંદગી કરશે.

એમએસડબલ્યુ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષય સાથે અભ્યાસ કરતાં વિદ્યાથીઓ પૈકી જેઓ સેમેસ્ટર ૪માં છે તેમના માટે પહેલી વખત જોબ પ્લેસમેન્ટ-કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરાયું છે. વડોદરા, સૌરાષ્ટ્ર અને અમદાવાદની એનજીઓ સહિતની સંસ્થાઓના પ્રતિનિધિઓ વિદ્યાર્થીઓની પસંદગી કરશે. અત્યાર સુધીમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. જે સંસ્થાઓ કેમ્પસમાં હાજર રહેવાની છે તેમાં મોટાભાગની સંસ્થાઓ સામાજિક પ્રવૃત્તિઓ ગુનેગારોમાં સુધારો લાવીને તેમને મુખ્ય પ્રવાહમાં ભેળવવા, સેક્સવર્કરોને આ પ્રકારની કામગીરી છોડાવી અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓમાં વાળવા જેવી કામગીરી કરે છે. આવા પ્રકારનાં કામો માટે કામગીરી કરતી સંસ્થાઓ એમએસડબલ્યુ જેવા કોર્સમાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરતી હોય છે. આર્ટ્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પહેલી વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. છતાં એમએસડબલ્યુ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને સરેરાશ ૧૫ હજારથી વધારે પગાર ધોરણ મળે તેવી શકયતાઓ જોવામાં આવી રહી છે.

# સંબંધ નામનું સુખ અને મનના માધ્યમ દ્વારા જોડાણ




vamlani2000@yahoo.co.uk

અમેરિકન સરકારમાં ખૂબ જ ઉચ્ચ હોદ્દો ધરાવતા, "નાસા" (NASA)ના વૈજ્ઞાનિક, ગુજરાતી અને ગૌરવવંતા કમલેશ લૂલ્લાને એક ગુજરાતી સંતે પ્રશ્ન પૂછ્યો હતો કે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો ઉપર વિવિધ પ્રકારનાં સંશોધનો પાછળ "નાસા" દર વર્ષે અબજો ડોલરનો ખર્ચ શા માટે કરે છે? તેનાથી માનવ જાતને ફાયદો શું? કમલેશ લૂલ્લાએ હસતાં-હસતાં બહુ રસપ્રદ જવાબ આપ્યો હતો કે આ પ્રકારના સંશોધનો કરવાથી કદાચ કોઈ ગ્રહ ઉપર, ખાસ કરીને મંગળ ઉપર માનવજીવન હોય ને તેના પુરાવા મળી જાય. સંતે કમલેશ લૂલ્લાને બીજો પ્રશ્ન કર્યો કે મંગળ ઉપર કદાચ માનવજીવન હોય, તેના પુરાવા પણ મળી જાય તો પણ તેનાથી પૃથ્વી ઉપરના લોકોને ફાયદો શું? કમલેશ લૂલ્લાએ હસતાં હસતાં જવાબ આપ્યો હતો કે મંગળ ઉપર માનવ જીવન હોવાના પુરાવા મળી જાય તો પૃથ્વીવાસીઓને એવું લાગે કે બ્રહ્માડમાં આપણા જેવા માનવો પણ છે અને પૃથ્વીવાસીઓ તરીકે આપણે માનવો એકલા નથી.

એવું કહેવાય છે કે અત્યાર સુધીમાં ઊંચો આઈ. ક્યુ. જો કોઈ વ્યક્તિનો નોંધાયો હોય તો તે અમેરિકન મેરિલીન વોસ સાવંતનો. આટલી બુધ્ધીશાળી સ્ત્રીએ માનવીની એકલતા વિષે એક સુંદર ઉદાહરણ આપીને વાત કરી છે. મેરિલીન ઉદાહરણ આપતાં કહે છે કે કોઈપણ વ્યક્તિ જંગલમાં જ્યારે એકલી જતી હોય ત્યારે તેની આસપાસ વન્ય જીવનનું અસ્તિત્વ તો હોય જ છે. પશુઓ, પંખીઓ, પ્રાણીઓ, જીવજંતુઓ, વૃક્ષો અને સપૂર્ણ વન્ય જીવન. આટલું ભર્યુ ભર્યુ જીવન વ્યક્તિની આસપાસ હોય તો પણ વ્યક્તિ જંગલમાં જો પોતે એકલી હોય તો એકલતા જ અનુભવે છે. મેરિલીન આમ થવાનું કારણ જણાવતાં કહે છે કે આપણી આસપાસ કે આપણાથી દૂર જીવન હોય, માનવી હોય, સમૂહ હોય, ટોળા હોય કે સમાજ હોય, વ્યક્તિ જ્યાં સુધી પોતાની આસપાસના જીવંત અસ્તિત્વ સાથે જોડાતી નથી ત્યાં સુધી તે એકલતા જ અનુભવે છે.

માનવીય સંબંધોનું પણ એવું જ છે. મંગળ ઉપર માનવ જીવન હોય પણ પૃથ્વીવાસી માનવ મંગળવાસી માનવ સાથે જોડાયેલો ના હોય તો પૃથ્વીવાસી કે મંગળવાસી માનવીને કશો જ ફર્ક નથી પડતો. એવી જ રીતે એક વ્યક્તિ જ્યાં સુધી બીજી વ્યક્તિ સાથે કોઈપણ માધ્યમ દ્વારા જોડાયેલી નથી ત્યાં સુધી તે વ્યક્તિ પોતાની જાતને એકલી જ મહેસૂસ કરે છે. વ્યક્તિ જ્યારે બીજી વ્યક્તિ સાથે કોઈપણ માધ્યમ દ્વારા જોડાય છે ત્યારે જ સંબધનું અસ્તિત્વ ઉદભવે છે, નહિતર બંને વ્યક્તિ સંબંધ વિહિન, એકલી-અટૂલી જ રહે છે.

સબંધોના આ સમીકરણને મોબાઈલના ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. વિશ્વમાં જ્યારે પ્રથમ મોબાઈલ શોધાયો ત્યારે તે મોબાઈલ બીજા મોબાઈલ સાથે જોડાયેલો નહિ હોય તો તે અર્થહીન બની ગયો હશે. મોબાઈલ જો એમ જ પડ્યો હોય તો તે જડ છે. જ્યારે એક મોબાઈલ બીજા મોબાઈલ સાથે જોડાય છે ત્યારે જ તે ચેતનવંતો બને છે.

એક મોટો સમૂહ હોય, મોટું ટોળું હોય કે મેળાવડો હોય જ્યાં સો, બસો કે પાંચસો માણસો હોય, આટલા લોકોની વચ્ચે પણ એક વ્યક્તિ એકલતા અનુભવી શકે, જો તે કોઈપણ અન્ય વ્યક્તિ સાથે જોડાયેલી ના હોય તો.

આપણે સૌએ ઘણીવાર મુસાફરી કરી છે. બસ, ટ્રેન, પ્લેનમાં કે પગપાળા. આપણે આપણી સાથે મુસાફરી કરનાર, આપણી બાજુમાં જ બેઠેલી સહયાત્રી વ્યક્તિ સાથે કેટલી વાર વાત કરી ? તેનાથી આપણો એ વ્યક્તિ સાથે સંબંધ બંધાયો ? એ સંબંધ કેટલો સમય ટકાવ્યો ? એ સહયાત્રીઓ પૈકીના કેટલાં નામ આપણને યાદ છે ? આ બધા જ પ્રશ્નોના જવાબો જો આપણને હકારાત્મક મળે તો આપણે આપણી જાતને સદભાગી માનવી જોઈએ કે આપણને સંબંધો બાંધતા, વિકસાવતા અને ટકાવતા આવડે છે.

થોડા સમય પહેલાં મારા એક દિલ્હી સ્થિત મિત્ર અમદાવાદ આવ્યા, પત્ની અને બાળક સાથે. આવવાનું પ્રયોજન ખૂબ જ રસપ્રદ હતું. મારા મિત્ર એક આર્થિક સંસ્થાનમાં નોકરીએ લાગ્યા તેના પચીસ વર્ષ થયા હતા. તેની ઉજવણી પેટે તેમની આખી 'બેચ' બે દિવસ અમદાવાદ ખાતે મળવાની હતી, પોતાના કુટુંબીજનો સાથે. મિત્રએ બીજી બે વાત કરી જે વધારે મહત્ત્વની છે. એક વાત કે એ ત્રીસ વ્યક્તિઓની 'બેચ' માંથી એક વ્યક્તિનું થોડા વર્ષ પહેલાં મૃત્યુ થઈ ગયું હતું પણ એ મૃત્યુ પામેલ વ્યક્તિની પત્ની અને બાળકો પણ આ મેળાવડામાં જોડાયા હતા. બીજી વાત, કે એ 'બેચ'ના બે વ્યક્તિઓ આર્થિક સંસ્થાનની નોકરી છોડીને વિદેશમાં સ્થાયી થયા હતા તેઓ પણ આ મેળવડામાં જોડાયા હતા.

આખા દેશમાં ફેલાયેલા કેટલાક વિદેશમાં પણ સ્થાયી થયેલા, અને પચીસ વર્ષ પછી સૌ પોતાના કુટુંબીજનો સાથે મળી શકે એ વાત જ આનંદ અને આશ્ચર્યજનક છે. આ મેળાવડો શક્ય બન્યો તેની પાછળનું રહસ્ય સમજાવતાં એ મિત્રએ મને કહ્યું કે તેઓ પચીસ વર્ષથી સતત એકબીજા સાથે જોડાયેલા રહ્યા. બધા જ મિત્રોને એકબીજાની ખબર હતી કે તેઓ ક્યાં છે, શું કરે છે અને પ્રસંગોપાત કેટલાક મિત્રો તો મળતા પણ હતા.

મારા એક મિત્ર મને ઘણીવાર પૂછે છે કે વ્યક્તિએ સબંધો ટકાવવા માટે રૂબરૂ મળવું જરૂરી છે ? રૂબરૂ મળ્યા વિના માત્ર અન્ય માધ્યમોથી જોડાયેલા રહે તો સબંધો ના ટકી શકે ?

વ્યક્તિ જ્યારે પોતાના મિત્ર કે સ્નેહીને રૂબરૂ મળે છે ત્યારે સામસામે રૂબરૂ હોવાથી બંને હસ્તધૂનન કર્યા વિના રહી શકતા નથી. બહુ ઉમળકો આવે તો બંને એકબીજાને ભેટીને પણ પોતાનો સ્નેહ પ્રગટ કરે છે. બંને રૂબરૂ મળે પણ હસ્તધૂનન ના કરે કે એ એકબીજાને ભેટે નહિ તો પણ બંનેનું મિલન તો કહેવાય જ. સબંધમાં દૂર રહીને અન્ય માધ્યમોથી જોડાયેલા રહેવું અને રૂબરૂ મળવા વચ્ચેનો આ તફાવત છે. બે વ્યક્તિ સ્નેહથી રૂબરૂ મળે છે ત્યારે મળવાનો આનંદ અનેરો જ હોય છે. રૂબરૂ મળવાથી એકબીજા પ્રત્યેની લાગણી, ભાવ, પ્રેમ, સ્નેહ વધારે અસરકારક રીતે વ્યક્ત થઈ શકે છે. બંને અકબીજાના ચહેરાના હાવભાવ વાંચી શકે છે અને ચહેરાના હાવભાવ દ્વારા વ્યક્ત થયેલી લાગણીનો પ્રતીભાવ આપી શકે છે. બંને એકબીજાની લાગણી અને હૂંફ અનુભવી શકે છે. બંને એકબીજાની આંખો દ્વારા એકબીજા પ્રત્યેનાં સ્નેહને વાંચી શકે છે. સાચા દિલથી મળે તો મુલાકાતો જીવંત બને છે સાથે સંબંધ પણ વધારે ચેતનવંતો બની જાય છે.

વ્યક્તિનું જીવન સંબંધોથી જ ચેતનવંતુ બને છે. સંબંધો વિનાનું જીવન જડ જેવું હોય છે. વ્યક્તિ પાસે તમામ પ્રકારનાં ભૌતિક સુખ હોય પણ કોઈ વ્યક્તિ સાથેના સંબંધ નામનું સુખ ના હોય તો ભૌતિક સુખ રસ વગરનું બની જાય છે. વ્યક્તિના જીવનમાં ક્યારેક એક વ્યક્તિ સાથેનું પણ સાચું જોડાણ, સાચો સંબંધ તેના જીવનને જીવંત બનાવી શકે છે. સંબંધો નિભાવવા માટે સતત જોડાયેલું રહેવું જરૂરી છે. એ જોડાણ કોઈપણ માધ્યમ દ્વારા હોય પણ મનનું માધ્યમ અનિવાર્ય છે.



મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦

## ૮મીએ વિનોદ ભટ્ટને નીલકંઠ હાસ્ય પારિતોષિક

ગાંધીનગર, તા. ૧

ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય લેખકશ્રી વિનોદ ભટ્ટને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક- ૨૦૧૬ અર્પણ કરાશે. આ કાર્યક્રમ તા. ૦૮/૦૬/૨૦૧૬ ના રોજ ટાગોર હૉલ ખાતે સાંજે ૫:૧૫ કલાકે આયોજીત થશે. ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે એનાયત થતા આ પારિતોષિક સમારોહમાં મંત્રી નાનુભાઈ વાનાણી, પદ્મશ્રી ગુણવંત શાહ તથા હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર વિશેષ ઉપસ્થિત રહેશે.

## જન્મદિને વધામણી


નટુભાઈ એચ ઠાકોર
એકાઉન્ટ મેનેજર
ગાંધીનગર સમાચાર
મો ૯૮૨૫૧ ૫૭૭૦૬


અરવિંદકુમાર જી પટેલ
જય અંબે પરિવાર
મો. ૯૯૭૯૨ ૫૭૨૩૨


ગીતાબા વાય બિહોલા


નયનાબેન પ્રજાપતિ
મો. ૯૪૨૮૩ ૦૭૪૧૫


નયન રમણભાઈ મધુકર
ઉપપ્રમુખ, લાયન્સ ક્લબ, મેનેજિંગ ટ્રસ્ટી, આરંભ ફાઉન્ડેશન
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧


વિજયસિંહ માજીરાણા
યુવા સામાજિક કાર્યકર
મો. ૯૭૩૭૨ ૪૨૧૦૩


કિરીટ ચિમનલાલ શાહ
મો. ૯૪૨૬૫ ૧૯૭૭૦


મનન ઓઝા
મો ૯૧૭૩૪ ૪૭૨૦૨


ઉન્નતિ પરેશકુમાર દવે
મો. ૯૮૨૪૦ ૨૪૭૧૮


આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫